અડાલજ પાસે આદેશ આશ્રમમાં ચોરી

અડાલજ-કલોલ હાઈ-વે પર પેટ્રોલ પંપની સામે આદેશ આશ્રમ ખાતેથી રૂ.૮૦ હજારના મુદામાલની ચોરી થવા પામી છે. આશ્રમમાં ચોરી કરનાર અન્ય કોઈ નહી પરંતુ આશ્રમ ખાતે અવાર-નવાર આવતા એક સાધુ જ છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે સાધુને પકડી પાડવા માટે આગળતની તપાસ શરુ કરી છે.

અડાલજ-કલોલ હાઈ-વે પર આવેલા આદેશ આશ્રમ રામદેવપીર મંદિર ખાતે સેવા પુજા કરતા સાગરભાઈ અજયભાઈ ટોપીયા (ઉં.વ.૨૯)ના જણાવ્યા મુજબ ચોરીની આ ઘટના તા.૯ ઓકટોબરની છે., તે સમયે સાગરભાઈ સુરત ખાતે હવન માટે ગયા હતા. આ સમયે આશ્રમની બાજુમાં રહીને સફાઈનું કામ કરતા ગૌરીબેન હતા. તે દિવસે આશ્રમમાં બાપુ ભગવાનનાથ નામના સાધુ આવ્યા હતા જે અવાર નવાર આશ્રમમાં આવતા હતા. જે રાત્રીના સમયે આશ્રમમાં રહેલુ રૂ.૪૦ હજારનું ચાંદનું છત્તર, ૧૦, હજાર નું ઈન્વટર, અને જી.જે.૧૮.ડી.ઈ.-૭૯૬૫ નંબરનું એકસેસ લઈ આ સાધુ છુમંતર થઈ ગયા છે. સાગરભાઈને સવારે ચોરી અંગે ગૌરી બેને વાત કરી હતી. જેથી તાત્કાલીક દોડી આવેલા સાગરભાઈએ આશ્રમમાં આવતા અન્ય સાધુ-સંતોની મદદથી ભગવાનનાથજીની શોધખોળ આદરી છે. ત્યારે સાગરભાઈના મામાનું અવસાન થતા તેઓ થોડા દિવસ માટે સુરત જતા રહ્યા હતા.

જિલ્લામાં હવે તલાટીઓની હાજરી પણ ઓનલાઈન : ડીડીઓ રાવલ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં હવે તલાટીઓએ પણ ઓનલાઈન હાજરી રજીસ્ટર કરાવવાની રહેશે. આ માટે તેમના મોબાઈલ ફોનમાં તેમણે એપ્લીકેશન ડાઉનલોડ કરવાની રહેશે.

ગાંધીનગર જિલ્લામાં તલાટીઓની ઓનલાઈન હાજરીનો અમલ કરવાનો નિર્ણય જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે કર્યો છે. આ નિર્ણયનો અમલ ૨૫મી નવેમ્બરથી શરૂ થશે. આજે આ અંગેના આદેશો જારી કરતાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીની યાદીમાં જણાવ્યુ છે કે જે તલાટી દ્વારા હાજરી ઓનલાઈન રજીસ્ટર કરવામાં આવશે નહિ તે દિવસની રજા ગણી પગાર કાપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે આ પહેલા આણંદ જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ અમલી બનાવાયો હતો અને તેના સારા પરિણામો બાદ હવે રાજ્યભરમાં તે અમલી તબક્કાવાર બનાવવા માટે સરકારે સૂચના આપી છે જેથી ગાંધીનગર જિલ્લામાં પણ હવે તે અમલી બનશે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ હવે ઈલેક્ટ્રોનીક્સ તલાટી એટન્ડન્સ સિસ્ટમ એપ્લીકેશનથી ફરજીયાત કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

આ યાદીમાં જણાવ્યા મુજબ ૨૫-૧૧-૧૯થી આ હુકમનો અમલ થશે. ઓનલાઈન હાજરી રજીસ્ટર નહિ કરાવનાર તલાટીની ગેરહાજરી અનઅધિકૃત ગેરહાજર ગણી તેમને તે દિવસનો પગાર ચુકવવામાં આવશે નહિ એટલુ જ નહિ સરકારના આદેશનો અનાદર કરવા બદલ શિક્ષાત્મક કાર્યવાહી પણ કરવામાં આવશે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તમામ તાલુકા વિકાસ અધિકારીઓને પણ આ હુકમનો અમલીકરણ માટે કડક તાકીદ કરી દીધી છે. જિલ્લામાં હાલ તલાટીઓની સંખ્યા ૨૪૦ની આસપાસ છે.

મહેસૂલ વિભાગ દ્વારા લેવાયેલ ક્રાંતિકારી નિર્ણયો સંદર્ભે મહાત્મા મંદિરે આજે કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યના નાગરિકોને મહેસૂલી સેવાઓ સરળતાથી અને ઝડપથી ઉપલબ્ધ બને એ માટે મહેસૂલ વિભાગે અનેકવિધ ક્રાંતિકારી નિર્ણયો કર્યા છે. આ નિર્ણયોની જાણકારી માટે આગામી તા. ૨૨ નવેમ્બર-૨૦૧૯ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરાયું છે.

પ્રગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને તા.૨૨ નવેમ્બર-૨૦૧૯ના રોજ સવારે ૧૦ કલાકે યોજાનાર આ કાર્યક્રમમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલ અને મુખ્યસચિવ ડૉ. જે.એન. સિંઘ ઉપસ્થિત રહી પ્રેરક માર્ગદર્શન આપશે.

આ કાર્યક્રમમાં મહેસૂલ વિભાગ દ્વારા ખેડૂતો, વિવિધ ક્ષેત્રોની સેવાભાવી સંસ્થાઓ, ઉદ્યોગ સાહસિકો તથા નાગરિકો માટે ઝડપી, પારદર્શક, ઓન લાઈન સેવાઓ અને વહીવટી સુધારાઓ અંગે લેવાયેલ સંખ્યાબંધ પગલાંઓની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવશે એમ, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમાર દ્વારા જણાવાયું છે.

દિવાળી વેકેશનમાં 'દાંડીકુટિર'ની મુલાકાતે ૧૦ હજારથી વધુ મુલાકાતીઓ આવ્યા

વર્ષ ૨૦૧૯-૨૦માં અત્યાર સુધીમાં ૨૧૯ વિદેશી પર્યટકો સાથે ૧.૧૩ લાખ પ્રવાસીઓએ દાંડીકુટિરની મુલાકાત લીધી : ઓક્ટો-નવે. માસના ૫૧ દિવસમાં ૨૩,૧૫૮ મુલાકાતીઓ : નવેમ્બર માસમાં સૌથી વધુ ૬૬ દિવ્યાંગ મુલાકાતીઓ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૧

તાજેતરમાં દિવાળી વેકેશન પુરૂ થયું અને દિવાળી વેકેશનનો ગુજરાતીઓ દિવાળી ઉજવવા

કરતા બહારગામ ફરવા જવા માટે સૌથી વધુ ઉપયોગ કરે છે. આ વર્ષે દિવાળી વેકેશનમાં ગુજરાતની ઓળખ સમા બનેલા ''સ્ટેચ્યુ ઓફ યુનિટી'' ખાતે તાજમહલ કરતા પણ વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી જે એક સમયે પ્રવાસન માટેના પ્રવાસીઓના પસંદગીના સ્થળોમાં દૂર દૂર સુધી સ્થાન ના ધરાવતા ગુજરાતે છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રવાસનક્ષેત્રે ભરેલી હરણફાળ નહીં બલ્કે ''જીરાફ ફાળ'' સમાન છે. ગુજરાતની રાજધાની ગાંધીનગર ખાતે પણ ''અક્ષરધામ'' અને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન પછી હવે ''દાંડીકુટિર'' પ્રવાસીઓ માટે નવુ આકર્ણ બની રહ્યુ છે અને વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષમાં અત્યાર સુધીમાં ૧.૧૩ લાખ મુલાકાતીઓ મેળવી ચુક્યું છે.

દાંડીકુટિરની મુલાકાતે નવેમ્બર માસની તા. ૧લી થી તા. ૨૦મી સુધીમાં કુલ ૯૪૧૬ મુલાકાતીઓ આવી ચુક્યાં છે જેમાં ૩૭ વિદેશી પ્રવાસીઓ અને ૮૫ વીવીઆઈપી મુલાકાતીઓનો સમાવેશ થાય છે. જો કે આ વર્ષ ૨૦૧૯-૨૦માં અત્યાર સુધીમાં સૌથી વધુ મુલાકાતીઓ જુલાઈ માસમાં આવ્યા હતા જેનો આંકડો ૨૦,૭૪૩ છે જ્યારે ઓગષ્ટ માસમાં સૌથી વધુ ૩૫ વિદેશી મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી. ઓક્ટોબર અને નવેમ્બર માસના સંયુક્ત આંકડા જોઈએ તો છેલ્લાં દોઢ મહિનામાં ૨૩,૧૫૮ મુલાકાતીઓએ દાંડીકુટિર નિહાળી છે. જો કે અત્યાર સુધીમાં વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૮૯ દિવ્યાંગ મુલાકાતીઓએ દાંડીકુટિરની મુલાકાત લીધી છે. જેમાંથી ૬૬ દિવ્યાંગ મુલાકાતીઓએ તો માત્ર નવેમ્બર માસમાં જ મુલાકાત લીધી છે. અત્યાર સુધીમાં દાંડીકુટિરની મુલાકાતે ૨૦,૫૩૧ વિદ્યાર્થીઓ આ વર્ષમાં આવી ચુક્યા છે અને ૨૧૮ વિદેશી મુલાકાતીઓએ મુલાકાત લીધી છે.

અનોખા સ્ટ્રક્ચરમાં મલ્ટીમિડીયાનો કમાલ

''સોલ્ટ માઉન્ટ'' તરીકે ઓળખાતા વિશાળ ડોમ સ્ટ્રક્ચરમાં વિકસાવાયેલ દાંડીકુટિર કુલ ૧૦,૭૦૦ ચોરસ મીટરમાં મુખ્ય મ્યુઝિયમ, ૧૯૦૦ ચોરસ મીટરમાં ટેમ્પરરી એક્ઝિબીટ સાથે ૯૦ મીટરનુ બાહ્ય મ્યુઝીયમ ધરાવે છે. જેમાં ૮૨ મિનિટનો મલ્ટી મિડીયા અનુભવ કરાવવા ૧૪ પ્રકારની મલ્ટી મિડીયા ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ડોમ સ્ટ્રક્ચરમાં કુલ ત્રણ મજલા બનાવાયા છે જે માટે અત્યાધુનિક એલિવેટર્સનો ઉપયોગ કરાય છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિનું વર્ષ સમગ્ર રાષ્ટ્રમાં ઉલ્લાસભેર ઉજવાયુ છે અને તેમના નામ પરથી જ રાજ્યના પાટનગરનું નામ અપાયું છે તેવા ગાંધીનગરમાં રાષ્ટ્રપિતાના જીવન-કવનનો સંદેશ આપતુ કોઈ સ્મારક વિધાનસભાના પ્રાંગણમાં પૂ. બાપુની પ્રતિમા સિવાય નહોતુ પરંતુ અત્યારના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં વિકસાવાયેલા મહાત્મા મંદિર પાસેની ''દાંડીકુટિર'' વિશ્વવિભૂતિ મહાત્મા ગાંધીના જીવન આધારિત વિશ્વનું સૌથી વિશાળ મ્યુઝિયમ બન્યું છે. પૂ. બાપુના ''સત્યાગ્રહ'' ''સર્વોદય'' અને ''સ્વરાજ''ને ૧૪થી વધુ અત્યાધુનિક ટેકનોલોજી સાથે રજુ કરવા ઉપરાંત થ્રીડી મેપિંગના માધ્યમથી ''મોહનદાસથી મહાત્મા ગાંધીની સફરને સુપેરે પ્રસ્તુત કરે છે. ૩૬૦ ડિગ્રીના થિએટરમાં દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની મલ્ટિસ્ક્રીન ટ્રેનમાં સફરનો રોમાંચ મુલાકાતીઓને તે સમયમાં લઈ જઈ રોમાચીંત કરે છે તેજ રીતે હોલોગ્રાફિક પ્રોજેક્શનમાં ચરખો કાંતતા પૂ. બાપુ તેમની નિકટતાનો અહેસાસ કરાવી જાય છે. ટચસ્ક્રીન મીડિયા, આર્ટ ઈન્સ્ટોલેશન્સ વગેરે માધ્યમથી ગાંધીજીનો સંદેશ માણવાની તક યુવાપેઢીને અહીં પ્રાપ્ત થઈ રહ્યો છે. આ ઉપરાંત સોવેનિયર શોપ અને લાયબ્રેરી ઝોન વગેરે બાપુના સંદેશને સમજવા ઉપયોગી નિવડે છે તો કાફેટેરિયા અને રેસ્ટોરન્ટ જેવી સુવિધા રિફ્રેશમેન્ટ પુરૂ પાડે છે.

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા અસ્થિર મહિલાને મદદ કરી

ચિલોડા, તા. ૨૧

કોબા-ગાંધીનગર હાઈવે માર્ગ પરથી એક અસ્થિર મગજ ધરાવતી મહિલા અંગે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન એમ્બ્યુલન્સને કોલ આવતાં ૧૮૧ની ટીમના કાઉન્સેલર વિલાસબેન ઝાલા, મહિલા કોન્સ્ટેબલ કાજલબેન પંચાલ અને પાયલોટ વિષ્ણુભાઈ દ્વારા માનસિક રીતે અસ્થિર દિવ્યાંગ મહિલાને બાયડ સ્થિત જયઅંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ ખાતે મુકવામાં આવી હતી.

દહેગામ-રખીયાલ ઘરફોડ-વાહનચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર,તા.૨૧

દહેગામ શહેરમાં ઘરફોડ ચોરીના ગુનામાં તેમજ રખીયાલ પોલીસ મથક ખાતે વાહન ચોરીના ગુનામાં નાસતા-ફરતા આરોપીને એલસીબી-૨ એ બાયડ ચોકડી ખાતેથી દબોચી લીધો છે. પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ ના પીએસઆઈ પી.ડી.વાઘેલા તેમજ ટીમના સભ્યો આજે દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન હે.કો કિરીટભાઈ જેઠાભાઈ અને પો.કો.નરેશભાઈ પરબતભાઈને સંયુકત રીતે બાતમી મળી હતી કે દહેગામ અને રખીયાલ પોલીસ મથકના ઘરફોડ-વાહનચોરીના ગુનામાં છેલ્લા પાંચ માસથી નાસતો ફરતો આરોપી શેટ્ટીસીંગ માયાસીંગ ચીખલીગર (સરદાર) (રહે. મુળ.દહેગામ શીવનગર સોસાયટીની બાજુમાં સરદારનગર તા. દહેગામ જી.ગાંધીનગર હાલ રે. તેનપુર ટેબા ઉપર તા.બાયડ જી.અરવલ્લી) હાલ બાયડ ચોકડી ખાતે ઉભો છે જેથી પોલીસે ત્યાં જઈને તેને પકડી પાડ્યો હતો.

'નિધી આપકે નિકટ' પ્રોવિડન્ડ ફંડ ઓફિસ દ્વારા કલ્પતરૂ કંપની ખાતે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

પ્રોવિડન્ડ ફંડના લાભ અને ફાયદા વિશે અમદાવાદ પ્રોવિડન્ડ ફંડ કમિશનર દ્વારા ગાંધીનગરની કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લી. કંપની ખાતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સંજય થોરાતે સ્વાગત કર્યુ હતુ. જ્યારે અન્ય અધિકારીઓ સંધ્યા પિલ્લાઈ, રાજેશ પિલ્લાઈ, રોબીન ગોહિલ, વિક્રમ રાઠોડનું વિજય કાપડણે, સુધાંશુ જહા દ્વારા સ્મૃતિચિહ્ન આપી સન્માન કરવામાં આવ્યુ હતુ. આસિ. પીએફ કમિશનરે કર્મચારીઓના પ્રશ્નોના સમાધાનપૂર્વક જવાબ આપ્યા હતા.

આ સેમિનારમાં કલ્પતરૂ કંપનીના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા. આ

'નિધી આપકે નિકટ' એવા શિર્ષક હેઠળ પીએફના અધિકારીઓએ પીએફની સરળ-સચોટ માહિતી આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત આસિ. પીએફ કમિશનર સમીરન મુખર્જીનું મોમેન્ટો દ્વારા આઈટી ઓફિસર રાજેશ પિલ્લાઈએ ઓનલાઈન પીએફ સગવડોની વ્યવસ્થિત જાણકારી આપી હતી. જયારે સંધ્યા પિલ્લાઈએ ઓફલાઈન પણ પીએફની સગવડ લઈ શકાય છે એવુ ઉદાહરણ સહિત સમજાવ્યુ. કાર્યક્રમનુ આયોજન એચઆર પ્રેસિડેન્ટ એમ.એ. બારૈયા દ્વારા કરવામાં આવ્યું જેને સફળતાપૂર્વક વિજય કાપડણે દ્વારા પૂર્ણ કરવામાં આવ્યુ. પીએફના નાણાં મેળવવા સરળ છે એ આ સેમિનારની ફલશ્રુતિ હતી.

ડભોડા ખાતે અમારા ઘરની બાબત છે કહીને ભત્રીજાએ કાકાને લાફો ઝીંક્યો

પતિ-પત્નિના ઝઘડામાં કાકાએ ઝઘડાનું કારણ પુછતા ભત્રીજો વિફર્યો, પોલીસ ફરીયાદ

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર જિલ્લાના ડભોડા ખાતે ભત્રીજા અને ભત્રીજા વહુ વચ્ચે ખટરાગ ચાલતો હતો,તે દરમિયાન કાકા ભત્રીજાને ઝઘડાનું કારણ પુછ્યું તો ઉશ્કેરાયેલા ભત્રીજાએ કાકાને અમારા ઘરની બાબત છે કહીને લાફો મારી દીધો હતો. બનાવ અંગે કાકાએ ભત્રીજા સામે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

ડભોડા નિશાળવાળા વાસ ખાતે રહેતા વનરાજસિંહ પૃથ્વીસિંહ બિહોલા પોતાના પરિવાર સાથે રહે છે અને ગાંધીનગર ખાતે ખાનગી નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ફરિયાદીની બાજુમાં તેમનો ભત્રીજો ભરતસિંહ તેની માતા અને પત્ની સાથે રહે છે જે છેલ્લા સાત વર્ષથી સીઆરપીએફ ખાતે ફરજ બજાવે છે હાલ તેનું પોસ્ટીંગ દિલ્હી ખાતે છે.હાલના સમયે ભરતસિંહ રજા લઈને ઘરે આવ્યા છે. ગતરોજ સાંજના સુમારે વનરાજસિંહ ઘરે પોતાના ઘરે હાજર હતા તે સમયે ભત્રીજો ભરતસિંહ પોતાની પત્ની હેતલબેન સાથે ઝઘડો કરતો હતો અને ગાળાગાળી કરતો હતો.જેથી હુ ત્યાં ગયો હતો અને ભત્રીજાને ઝઘડાનું કારણ પુછતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને અમારા ઘરની બાબત છે, તમે અહીંથી જતા રહો તેમ કહીને વનરાજસિંહને લાફો માર્યો હતો. ત્યારબાદ ભરતસિંહના મમ્મી તેજલબેન, તેનો ભાઈ જયેન્દ્રસિંહ તેમજ ફરીયાદીના પત્ની રમિલાબેન આવી પહોંચ્યા હતા અને ભેગા થઈને ઝઘડો નહી કરવા સમજાવતા હતા તે દરમિયાન તે ઉશ્કેરાઈ જતા લાકડાનો ધોકો લઈ મારવા ધસી આવ્યો હતો અને બધાને જાનથી મારી નાંખીશ તેમ કહ્યું હતું. બનાવ અંગે ડભોડા પોલીસ મથકે વનરાજસિંહની ફરીયાદને પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર ખાતે એશિયાના સૌથી મોટા આર્કિટેક્ચરલ એન્ડ પ્રોડક્ટ એક્ઝીબિશનનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૧

એચબીએલએફ શો ૨૦૧૯ નો અર્થ હાર્ડવેર, બિલ્ડિંગ મટિરીયલ્સ, લેમિનેટ, ફર્નિચર છે. આર્કિટેક્ચરલ માટે આ એક આદર્શ પ્લેટફોર્મ છે - ઈન્ટિરિયર હાર્ડવેર ફીટીંગ્સ, બિલ્ડિંગ મટિરિયલ્સ (સિરામિક, સેનિટરીવેર, સિમેન્ટ્સ, પાઈપ ફિટિંગ્સ, વગેરે) ડેકોરેટિવ લેમિનેટ, પ્લાયવુડ, મોડ્યુલર કિચન, મોડ્યુલર ફર્નિચર, ગાદલા અને ફર્નિશિંગ, વગેરે. આ એકજીબિશન ઉદ્યોગના ખેલાડીઓને મુલાકાતીઓ, વ્યવસાયિક ખરીદદારો અને અંતિમ વપરાશકર્તાઓના વેપાર તરફ દોરી જાય છે. આ એકજીબિશન નું ઉદ્ઘાટન શ્રી

સ્વામિનારાયણ મંદિર કુમકુમ મણિનગર ના સદગુરુ શાસ્ત્રી શ્રી આનંદ પ્રિયદાસજી સ્વામી ઉપસ્થિત રહયા હતા.

એચબીએલએફ શો ના ઓર્ગેનાઈઝર અને ફાઉન્ડર શ્રી હસમુખ પટેલ એ જણાવ્યું કે આ પ્રકાર ના પ્રદર્શન થકી પ્રેક્ષકો સાથે જોડાવાની એક આધુનિક રીત છે. તે તમને તમારા ઉત્પાદનને એક જ સમયે વિશાળ પ્રેક્ષકોને પ્રસ્તુત કરવાની તક બનાવે છે. તમારા પ્રેક્ષકો તમારા ઉત્પાદનોને સ્પર્શ અને અનુભવી શકે છે અને તમે તેમાંથી વધુ પ્રમાણિક ઉત્પાદન અનુભવ બનાવી શકો છો. આ રીતે તમે ઘરે સંભારણા વગર સીધા જ એક જગ્યાએ તમારા સંભવિત ગ્રાહકો અથવા સહયોગીઓ સાથે મળીને કનેક્ટ થઈ શકો છો.

તેમણે વધુ માં જણાવ્યું કે આ એક્જીબિશન માં ૨૦૦ થી વધારે આર્કિટેકચરલ એન્ડ ઈન્ટિરિયર હાર્ડવેર પ્રોડક્ટ્સ, બિલ્ડીંગ મટીરીયલ, લાઈટિંગ્સ,મોડ્યુલર કિચન,અને ફર્નિચર કંપનીઓ સમગ્ર ભારત માંથી આવેલ છે. ભારત સિવાય વિશ્વ ના અનેક દેશો માંથી આર્કિટેકચર, ઈન્ટિરિયર ડિઝાઈનર, વિદ્યાર્થીઓ, ગવર્મેન્ટ અધિકારીઓ જોડાયા છે જે અમારા માટે ખુબજ ગૌરવ ની વાત છે.

આ ચાર દિવસીય એકજીબિશન હેલિપેડ એક્જીબિશન સેન્ટર ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવ્યું છે, જેમાં કંપનીઓ દ્વારા નવા પ્રોડક્ટ્સ અને નવી કરવામાં આવશે. સમગ્ર ભારત માંથી ૧ લાખ થી વધારે ડીલર, ડિસ્ટ્રિબ્યુટર્સ, વેપારીઓ, આર્કિટેક્ટ - આંતરીક ડિઝાઈનરો, ઉત્પાદકો, આયાતકારો, નિકાસકારો, બિલ્ડરો, કોર્પોરેટ મુલાકાતીઓ, સંસ્થા અને કોલેજોના વિદ્યાર્થીઓ, વગેરે. ભાગ લઈ રહયા છે.

દોત્તોર પરગણા ગુરુ બ્રાહ્મણ સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાશે

દોત્તોર પરગણા ગુરુ બ્રાહ્મણ સમાજ પ્રગતિ મંડળ દ્વારા નવા વર્ષ નિમિત્તે સ્નેહમિલનનો કાર્યક્રમ શનિવારના રોજ સવારે ૯ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ સે-૧૨ ખાતે યોજવામાં આવેલ છે. પરગણાના ૩૦ નિવૃત્ત સરકારી કર્મચારી અને ૨૨ નવા નિમણુંક થયેલ સરકારી કર્મચારીઓ, વિશિષ્ટ સન્માનમાં કુમાર રશેષ દેસાઈ ફિલ્મ દિર્ગદર્શક, કુ. શ્વેતા પંડયા એર પાયલટ, શ્રી ૧૦૦૭ થાનાપતિ મહંતશ્રી ગુપ્તગીરી મહારાજ, મુકેશભાઈ શ્રીમાળી માન. નરેન્દ્રભાઈ મોદી વિચારમંચના ગુજરાત પ્રદેશમંત્રી, તમામનું સન્માન અગ્રણીઓના હસ્તે કરવામાં આવશે.

નાની દશકોશી ૧૮ ગામ વણકર સમાજનો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

નાની દશકોશી ૧૮ ગામ વણકર જ્ઞાતિ સમાજ દ્વારા શૈક્ષણિક વર્ષ માટે માર્ચ એપ્રિલ ૨૦૧૯માં લેવાયેલ પરીક્ષાઓમાં ધો-૧૨ સુધીના તમામ ઉત્તીર્ણ થયેલ લગભગ ૫૦૦થી પણ વધારે સમાજના વિદ્યાર્થી ભાઈ બહેનોને ચોપડાનું વિતરણ વિના મૂલ્યે થોડા સમય પહેલા જ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા દર વર્ષની જેમ ધો-૮ થી ૧૨માં ૬૦ ટકાથી વધારે ટકાવારી પ્રાપ્ત કરનાર તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯ની વાર્ષિક પરીક્ષામાં સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાના ડીગ્રી/ડિપ્લોમાંના વર્ષમાં પ્રથમ વર્ગ મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોનું અને ૨૦૧૯માં રમત-ગમત ક્ષેત્રે મેડલ કે પ્રથમ પારિતોષિક મેળવનાર રમતવીરનું પણ સન્માન કરવામાં આશે.

વિદ્યાર્થી ભાઈ બહેનોને અરજી ફોર્મ સમાજવાડીથી તા. ૧૦-૧૧-૨૦૧૯થી મળી શકશે અને ભરેલા અરજી ફોર્મ સમાજવાડી ખાતે તા. ૧૫-૧૨-૨૦૧૯ સુધી સ્વીકારવામાં આવશે. અરજી ફોર્મ સાથ જરૂરી પ્રમાણપત્રની નકલ બીડવાની રહેશે. આ સન્માન સમારંભ તા. ૨૫-૧૨-૨૦૧૯ને બુધવારે બપોરેના ૨ કલાકે સમાજવાડી ખાતે યોજાશે. તો સમાજના કુટુંબીજનોએ ફોર્મ તેમજ વધુ માહિતી માટે ગાંધીનગરના ડી.એમ. પરમાર, પ્લોટ નં. ૫૪૦/૨, સે-૭-બી અથવા મો.નં. ૯૫૭૪૧ ૨૨૯૨૩૫૨ સંપર્ક કરવા જણાવાયું છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
જાહેરાત નંબર : એબી/ટીસી/૦૩, સને ૨૦૧૯-૨૦
ટેન્ડર આઈડી નં. ૩૮૪૭૫૪
ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી **'Procrurement of Laboratory Chemicals / Analytical Reagents (AR grade / Equivalent grade) & Microbiological Media'** માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તીર્ણ થવાનું રહેશે. જે કામોની અંદાજીત કિંમત રૂ. ૪૬.૬૪ લાખ, બાનાની રકમ રૂ. ૪૬૬૪૦/-, ટેન્ડર ફી રૂ. ૧૫૦૦/- છે. ટેન્ડર ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તારીખ ૧૧/૧૨/૨૦૧૯ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકારી રહેશે.

માહિતી/૧૫૭૬/૧૯-૨૦

નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
જાહેર નિવિદા નં.-૧ વર્ષ ૨૦૧૯-૨૦૨૦

કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮ ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા આ પ્રકારના કામના અનુભવી ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડરો (ઈ-ટેન્ડરીંગ પદ્ધતિ)થી ભાવો મંગાવવામાં આવે છે. કામની વિગતો નીચે મુજબ છે.

ક્રમ	કામનું નામ	અંદાજીત રકમ (રૂ.માં)	૧) બાનાની રકમ ૨) ટેન્ડર ફી રૂ. ૩) સમયમર્યાદા ૪) બેંક સોલવંશી ૫) નોંધણી વર્ગ
૧	ઓપરેશન, મેઈન્ટેનન્સ એન્ડ રીપેઈર્સ ઓફ ઓલ સિવિલ, મિકેનીકલ, ઈલેક્ટ્રીકલ એન્ડ ઈન્સ્ટુમેન્ટેશન વર્ક ઓફ ઓલ પંપીંગ સ્ટેશન એન્ડ એમ.એસ. પાઈપલાઈન ઈન્કલુડીંગ પ્રોપર સપ્લાય ઓફ વૉટર ટુ ઓલ આઉટલેટ્સ અન્ડર ધ હાથમતી-ગુહાઈ પાઈપલાઈન પ્રોજેક્ટ ઈન્કલુડીંગ ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક (૧ વર્ષ માટે)	૧,૪૧,૧૫,૪૯૯.૦૦	૧) ૧,૪૧,૧૬૦/- ૨) રૂ. ૩૬૦૦/- ૩) ૧૨ માસ ૪) ૨૮.૨૩ લાખ ૫) 'સી' ક્લાસ
૨	ઓપરેશન મેઈનેન્સ એન્ડ રીપેઈર્સ ઓફ સિવિલ, ઈલેક્ટ્રીકલ, મિકેનીકલ એન્ડ ઈન્સ્ટુમેન્ટેશન વર્ક્સ, સિવિલ સ્ટ્રક્ચર્સ, એમ.એસ.પાઈપલાઈન ઈન્કલુડીંગ પ્રોપર સપ્લાય ઓફ વૉટર ટુ ઓલ રીક્વાયર્ડ આઉટલેટ્સ અન્ડર ધ પ્રોજેક્ટ ફોર કરણનગર-ધાંધુસણ પાઈપલાઈન ઈન્કલુડીંગ કરણનગર પંપીંગ સ્ટેશન ફોર વન ઈયર પીરીયડ	૭૫,૯૧,૩૬૨.૦૦	૧) ૭૫,૯૨૦/- ૨) રૂ. ૨૪૦૦/- ૩) ૧૨ માસ ૪) ૧૫.૧૮ લાખ ૫) 'ડી' ક્લાસ

ટેન્ડર ડાઉનલોડ કરવાનો સમયગાળો	તા. ૨૨-૧૧-૨૦૧૯ થી તા. ૧૨-૧૨-૨૦૧૯, ૧૮.૦૦ કલાક સુધી.
પ્રી-બીડ મીટીંગ :	તા. ૨૮-૧૧-૨૦૧૯, ૧૨.૦૦ કલાકે (સ્ટેટ વોટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે)
ફીઝીકલ સબમીશન :- (ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને અન્ય દસ્તાવેજો)	તા. ૧૩-૧૨-૨૦૧૯ થી તા. ૧૯-૧૨-૨૦૧૯, ૧૮.૦૦ કલાક સુધી
પ્રાઈમરી બીડ ઓપનીંગ :- પ્રાઈસબીડ ઓપનીંગ :-	તા. ૨૦-૧૨-૨૦૧૯, ૧૨.૦૦ કલાકે તા. ૨૦-૧૨-૨૦૧૯, ૧૨.૧૫ કલાકે (જો શક્ય હશે તો) (ફક્ત ક્વોલીફાય થયેલ બીડરો)

વધુ માહિતી વેબ સાઈટ www.nwr.nprocure.com પરથી મેળવી શકાશે. કવર પર કામનું નામ તથા ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનો રહેશે.

માહિતી/૧૫૮૮/૧૯-૨૦